સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આઠ આઠ સ્તરે યોજી શકાય ચૂંટણી, સત્તા માટે!
મરવા દીધા મતદાર, લઈ લીધો ભોગ સત્તા માટે!
કરી કારકિર્દી છિન્નભિન્ન વિદ્યાર્થીઓની સત્તા માટે !
થોપે છે તઘલખી આદેશો, શેખચલ્લી, સત્તા માટે!
(મકાનો, માનવબળની વિપુલ સંખ્યા છતાંય માસ પ્રમોશન!)

હાઈકુ

દંભી પગલાં
ભરે છે માટીપગા -
હાર્યો જુગારી!!

સીધા સંવાદ!
કરે ઉભા વિવાદ -
તંત્રે તિરાડ!

(રાજય સરકારના વિષયો પર કેન્દ્રીય કાબૂ)

ચિંતન

અશ્લીતા તનૂર્ભવતિ રુશતિ પાપયામુયા ।
પતિર્યદ્ વધ્વોઃ વાસસઃ સ્વગંમભ્યુર્ણુતે ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

જે પુરુષ સ્ત્રીઓ લાવેલા દ્રવ્યનો ઉપયોગ કરે છે તે અપવિત્ર થઈ જાય છે, અર્થાત દહેજ લેવું મહાન પાપ છે.

પતિ સૂર્યની માફક હંમેશા કર્મશીલ અને ગતિશીલ રહે, કુટુંબની જરૂરિયાત જેટલું ધન કમાય અને રાજાની માફક પોતાના પત્ની અને કુટુંબને સંતોષી, સુખી અને સુરક્ષિત રાખે એમાં જ સદ્‌ગૃહસ્થનું ગૌરવ છે. લગ્ન સમયે સ્ત્રીને પિતા તરફથી જે કંઈ આપવામાં આવે છે તે તેનું સ્ત્રીધન ગણાય છે. પતિને આ ધનનો ઉપયોગ કરવાનો અધિકાર હોતો જ નથી. દહેજની માગણી કરવી અને તેને મેળવવા જાતજાતના કીમિયા અજમાવવા તે મનુષ્યના ચારિત્ર્યની સૌથી નીચ કક્ષાની નિશાની છે. કાયદી દૃષ્ટિએ દહેજ લેવું એ ગુનો છે. વધુમાં એ આત્માનું પતન કરીને પુરુષના માન, સન્માન, યશ, ગૌરવ બધાને ધૂળ ભેગું કરે છે.

પોતાના પુરુષાર્થમાં જ પુરુષની મર્યાદા છે.

સુવિચાર

- અપને હોંઠો કો સી લીયા જાયે, જી મેં આયા હૈ કે જી લીયા જાયે - **શ્યામલ કંતાની**
- સત્યથી દૂર ભાગનારા માણસે અરીસાની શોધ કરી, એ ઈતિહાસનો સૌથી મહાન ચમત્કાર છે - **ખલિલ જિબ્રાન**
- શ્રદ્ધા અને શંકા બંને એક સ્થાનમાં રહી શકે નહીં, શંકાનો જન્મ હૃદયની અસ્થિરતામાંથી અને શ્રદ્ધાનો જન્મ અટલ આત્મવિશ્વાસ અને પ્રેમમાંથી થાય છે - **જેમ્સ એલન**
- જીવનની સૌથી અમૂલ્ય મૂડી સારાં પુસ્તકો છે જે વિપરિત પરિસ્થિતિની વચ્ચે પણ જીવનને ઉત્સવની જેમ ઉજવવાની ઉમદા પ્રેરણા પુરી પાડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વૈરાગ્ય વિના સંન્યાસ લેનારા મશ્કરીનો વિષય બને છે - **રામાયણ**
- જે તમારા ઉપર વિશ્વાસ મૂકે છે એને છેતરવામાં કોઈ ચાલાકી નથી. ગોદમાં સૂતેલા બાળકનો જાન લેવામાં કોઈ શૂરવીરતા છે ખરી ? - **મોન્ટેસ્ક્યુ**
- આજનું ઔષધ : લેવેન્ડર તેલને લવિંગના તેલમાં મિક્સ કરી શરીર પર માલિસ કરવાથી શરીર હળવું ફુલ થાય છે અને અનિદ્રાના દર્દીને ઊંઘ આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

વર્ધા મહારાષ્ટ્રથી પાંચેક કિલોમીટર દૂર બાપુ સેવાગ્રામમાં રોકાયા હતા. વર્ધાથી ગ્રામસેવકોની તાલીમ માટે તેમને સેવાગ્રામ આપવાનું થતું. તાલીમ વર્ગના સંચાલકો બાપુને કહ્યું, 'આપ વિદ્યાર્થીઓને એક કલાક આપી શકો તો ગ્રામસેવકોને આપનો પરિચય મળએ અને એમની સત્ય, અહિંસા અંગેની શ્રદ્ધા વધારે દૃઢ બને.' બાપુએ કહ્યું, 'સારું, સૌ ગ્રામસેવકો સવારે નવ વાગે આવે તો એક કલાક હું એમને આપી શકીશ.'

વિદ્યાર્થીઓ નવ વાગે આવવા લાગ્યા. એવામાં ઉનાળો શરૂ થયો. તાપ સખત પડવા લાગ્યો. એટલે પેલા સંચાલકો બાપુને કહ્યું, 'બાપુ સવાર કરતાં સાંજનો સમય આપો તો સારું કારણ કે ગ્રામસેવકોને વર્ધા પહોંચતા ઉનાળાના તાપનો ત્રાસ સહન કરવો પડે છે.' બાપુએ કહ્યું, 'પણ આ બધાને તો તાલિમ પછી ગામડામાં જ રહીને ગ્રામસેવક તરીકે કાર્ય કરવાનું છે ને ? સંચાલકે કહ્યું, જી, હા.'

બાપુએ કહ્યું, 'તો એક કામ કરો. હવેથી બધા બપોરે એક વાગે અહીં આવે. એમને એકથી બે હું વિવિધ વિષયો પર ચર્ચા કરીશ. થોડીવાર અટકીને બાપુ બોલ્યા.' અને રસ્તામાં આવતી વખતે રોજ એક વ્યક્તિ એકએક પથ્થર લેતો આવે તે જેથી અહીં સેવાગ્રામના જે છેડે ખાડા પડ્યા છે ત્યાં પુરણી પણ કરી શકાય.

તંત્રની સતર્કતાથી નુકશાન ઓછું

તંત્રીસ્થાનેથી...

કુદરતી કોપના વિવિધ આયામ હોય છે. ધરતીકંપ, વાવાઝોડા, આગ, જળપ્રલય, દુષ્કાળ કે મહામારી જેવી ઘટનાઓ અને આફતોનો સામનો માનવી છેક પાષાણયુગથી કરતો આવ્યો છે. જેમ જેમ એની સમજણ વિકસતી ગઈ તેમ તેમ તે આ બધી આફતો સાથે કેવી રીતે પનારો પાડવો તે પણ શીખી ગયો છે. વિજ્ઞાનની શરુઆત પણ માનવીની ઉત્ક્રાંતિને સમાંતર થઈ હશે. એ વરસાદ અને વાવાઝોડાંથી બચવા ગુફાઓમાં રહેતો થયો તે એનો પુરાવો છે. આજે વિજ્ઞાન એટલું આગળ વધી ગયું છે કે વાવાઝોડા જેવી આફતનું લગભગ સો ટકા સાચું પૂર્વાનુમાન કરી શકાય છે. પરિણામે એનાથી થનાર જાનહાનિ અને માલહાનિથી મહદંશે બચી શકાય છે. જો કે કુદરતી તત્ત્વો - વાયુ, જળ અને અગ્નિ પ્રચંડ સ્વરુપ ધારણ કરે તો ગમે તેટલી બચાવ કામગીરી અને ચેતવણી છતાં, પોદળો ધૂળ લેતો પડે એમ, થોડુંઘણું નુકશાન તો કરતાં જ જાય છે. સમુદ્રોથી ઘેરાયેલા ભારત જેવા દેશ માટે વાવાઝોડાંની આફત નવી નથી. લગભગ દર વર્ષે કાં તો પૂર્વ કાંઠે કાં તો પશ્ચિમ કિનારે દેશ વાવાઝોડાંનો સામનો કરતો રહ્યો છે. સમુદ્ર કિનારે મુંબઈ, ચેન્નાઈ અને કોલકાતા જેવા મહાનગરોથી લઈ અનેક નાનાં મોટાં નગર અને ગામડાં વસેલાં છે. સમુદ્ર જ એમને રોજીરોટી પૂરી પાડતો હોય છે. એટલે આવી આફતો આવતી રહેતી હોવા છતાં કાંઠાની વસતિ સ્થળાંતર કરીને દેશના મેદાની વિસ્તારો તરફ પલાયન નથી કરતી. બલકે બને છે એથી ઉલટું જ. વેપારધંધા અને રોજગારી માટે દેશના મેદાની વિસ્તારોમાં વસતી પ્રજા સમુદ્ર કિનારાનાં મહાનગરોમાં ઠલવાતી રહે છે. કુદરત સામે માનવીનો આ પણ નોંધ લેવા જેવો પડકાર છે. ગુજરાતને દેશનો સૌથી લાંબો દરિયા કિનારો સાંપડ્યો છે. સ્વાભાવિક છે કે એના માથે વાવાઝોડાનું જોખમ તોળાતું જ રહેવાનું છે. બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્ર વચ્ચે આવાં વાવાઝોડાંના મુદ્દે હરિફાઈ ચાલતી રહે છે. વાવાઝોડા તો આવે અને જાય, પણ ઓછામાં ઓછો વિનાશ વેરતાં જાય તે જાગ્રત સરકારની અને તંત્રની જવાબદારી ગણાય. ૧૯૯૮માં કચ્છનો દરિયા કિનારો ધમરોળી કંડલા બંદરના વિનાશ વેરનારા વાવાઝોડાની સરખામણીએ આ વખતનું વાવાઝોડું શક્તિશાળી હોવા છતાં વામણું સાબિત થયું છે. એ માટે રૂપાણી સરકારને અને સ્થાનિક તંત્રને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા ગણાશે. કોવિડ મહામારીથી ઘેરાયેલા ગુજરાતના માથે ઊતરી આવેલી આ કુદરતી આફતનો સામનો કરવા માટે તંત્ર વેળાસર સુસજ્જ બન્યું અને કુનેહ તથા નિષ્ઠાપૂર્વક મુખ્યમંત્રીથી લઈ જે તે વિસ્તારના મામલતદાર સુધીના તંત્ર વાહકોએ જે કામગીરી કરી તે કાબિલેદાદ છે. મુખ્યમંત્રી જાતે મોડી રાત સુધી વાવાઝોડાનું મોનિટરિંગ કરતા રહ્યા હતા અને તંત્રવાહકોને સૂચનો કરતા રહ્યા હતા. એનડીઆરએફ તથા એસડીઆરએફની ટીમો સમયસર સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોને સુરક્ષિત કરવા કામે લાગી ગઈ હતી. કોવિડના દરદીઓને તથા ઓક્સિજન પર જીવી રહેલા ગંભીર રીતે બીમાર લોકોને સુરક્ષિત રીતે સ્થળાંતરિત કરવાની જવાબદારી નાનીસૂની ન જ ગણાય. વાવાઝોડાને કારણે વીજપુરવઠો ખોરવાય ત્યારે આવા દરદીઓને વૈકલ્પિક જનરેટરો દ્વારા પણ સારવાર મળતી રહે એની પાકી વ્યવસ્થા કરાઈ તેની નોંધ લેવી જોઈએ. ઓડિશાના ચક્રવાતમાં 'ઝીરો કેઝ્યુઅલ્ટી' નો વિક્રમ સિદ્ધ કરનાર મુખ્યમંત્રી નવીન પટનાયકની જેમ ગુજરાતે પણ એ જ ટાર્ગેટ રાખવા કોશિશ કરી છે. વાવાઝોડા પછીની પરિસ્થિતિ હલ કરવાનું પણ એટલું સહેલું નથી હોતું. આ વાવાઝોડું દીવથી નીકળી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને જનોઈવઢ વેતરતું રાજસ્થાનમાં જઈને શમી જાય ત્યાં સુધી - અર્થાત્ પૂરા એક અઠવાડિયા સુધી એનું પગેરું લેવું પડશે. આશા રાખીએ કે એમાં તંત્ર સો ટચના સોનાની જેમ પાર ઊતરશે.

કદાચ એ લોહીના સંબંધનું ખેંચાણ હશે

નવાં કલેવર
નટવર હેડાઉ

વાવાઝોડું પોતાની પ્રચંડ તાકાત સાથે અરબી સમુદ્રને ઘમરોળતું ગુજરાત તરફ આગળ વધી રહ્યું હતું. તો બીજી તરફ કોરોનાની બીજી લહેરમાં સંક્રમિતોની સંખ્યા અલ્પ પ્રમાણમાં ઘટી હોવા છતાં તેનો કહેર હજુ ઓછો થયો ન હતો. જો વાવાઝોડું ત્રાટકે અને વિજળી ગુલ થઈ જાય તો વેન્ટીલેટર પર રહેલાં કોરોનાના અનેક દર્દીઓની હાલત કફોડી થયા વિના રહે નહીં. તે માટે પણ તંત્રમાં એક મોટી ચિંતા હતી. તેમાં હોસ્પિટલમાં દોડધામ મચી ગઈ. 'શું થયું?... શું થયું ?' પ્રશ્નાર્થ વચ્ચે બધાં બેબાકળાં હતા. મોબાઈલ ફોન રણકતા હતા. પોલીસને જાણ કરી દેવામાં આવી હતી. તો બીજી તરફ હોસ્પિટલનો તમામ સ્ટાફ સંડાસ બાથરૂમ, સ્ટોર, દાદરના પગથિયાં અને લીફ્ટ બધે જ તપાસ કરી રહ્યો હતો. પણ ભાગી ગયેલ કોરોનાના દર્દીનો કોઈ અતોપતો મળતો ન હતો. કોઈ પુછી રહ્યું હતું કે કયાંનો હતો ? કયારે દાખલ થયેલો? તેના જવાબમાં માહિતી એવી બહાર આવી હતી કે મનોહર ચમૌલી મૂળ ઉત્તરાખંડનો હતો. હાઈવે પરથી ટ્રક ચલાવી પસાર થતાં સંક્રમિત થયો હતો અને તાવ તેમજ ખાંસી જેવા લક્ષણો જણાતા બે દિવસથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસની જીપ આવી ગઈ હતી. ભાગી ગયેલા દર્દીને દોખાવ એલે કે હુલીયો કેવો હતો તે બાબતે ઈન્સ્પેકટર ડૉ. શ્રેયાને પુછી રહ્યા હતા. અને તેના આધારે સ્કેચ તૈયાર કરવામાં આવી રહ્યો હતો. મીડિયાવાળા પણ આવી ગયા હતા અને ગોકીરો કરી મૂક્યો હતો. તપાસ ચાલુ છે નો સરકારી જવાબ અપાતાં શોશ્યિલ મીડિયા પર પણ તંત્ર પર માછલા ધોવાતાં હતા. તે સાથે જાતજાતની મજાકો પણ ચાલુ થઈ ગઈ હતી.

ડ્યુટી અવર્સ પુરાં થતાં કંટાળી ગયેલી ડૉ. શ્રેયા પોતાના ક્વાર્ટર પર આવી ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'પપ્પા, આ ભાઈ કોણ છે? તમે ઓળખો છો?' ડૉ. શ્રેયાએ પુછ્યું.

'હાં બેટા, મનોહરભાઈને અમે ન ઓળખીએ તો કોણ ઓળખે તેમનો અમારા પર કેટલો મોટો ઉપકાર છે.' ડૉ. શ્રેયાની મમ્મી બોલી. 'પણ.... આ ભાઈને તો કોરોના થયેલો છે. તે હોસ્પિટલથી ભાગી અહીં આવી ગયા છે. તમે તેને આશરો કેમ આપ્યો ?' સહેજ ગભરાયેલી ડૉ. શ્રેયા એ ઉશ્કેરાઈને કહ્યું. 'બેટા, તું ચિંતા ન કર. અમારા બંનેમાંથી કોઈ તેને અડ્યા નથી. અમારા કહેવાથી તે અહીં પલંગમાં સૂઈ ગયેલ છે. જો સોશિયલ ડિસ્ટન્સ રાખી, માસ્ક પહેરી તેમને પાણી અને જમવાનું આપ્યું હતું. હવે તે શાંત છે અને તેને નિંદર આવી ગઈ હોય એમ લાગે છે.' ડૉ. શ્રેયાની મમ્મી શિવાની બહેને કહ્યું.

'અને બેટા, બીજું કે અમે બંને એ તારા કહેવાથી કોવિડ-૧૯ની વેક્સિનના બે ડોઝ તો લઈ લીધેલાં જ છે. તેથી અમારા માટે સંક્રમણનો ભય ઓછો છે.' ડૉ. શ્રેયાના પિતા સુરેન્દ્રસિંહે કહ્યું. 'પણ તમે આને ઓળખો ક્યાંથી ? આ તો ઉત્તરાખંડના છે.' ડૉ. શ્રેયાએ પુછ્યું. 'બેટા, સાચું કહું તો તેમનો ઉપકાર અમે ભૂલી શકીએ તેમ નથી.આજથી ચાલીસ વર્ષ પૂર્વે તેમને પોતાના કાળજાના ટુકડો અને વ્હાલનો દરિયો અમને સોંપી દીધો હતો.' શિવાની બહેન બોલ્યા. તેમની આંખોની ખૂણે એક અશ્રુબિંદુ છલકી આવ્યું. પિતાનો ચહેરો પણ ભાવસભર બની ગયો હતો. તે બંને એકી નજરે સુરેન્દ્રસિંહને જોઈ રહ્યા હતા.

'તમારી વાત બરાબર છે. પણ કંઈ આગળ વાત કરો તો સમજ પડે.' ડૉ. શ્રેયા બોલી. 'બેટા, તારા પપ્પા બી.એસ.એફ.માં હતા. એ તો તું જાણે જ છે અને દિલ્હી હતા ત્યારે લગ્નજીવનનાં દસ વર્ષ વીતી જવા છતાં અમારે કોઈ સંતાન ન થતા ચિંતા વધી ગઈ હતી. ત્યારે તારી મમ્મી શિવાનીની બહેનપણી સુષ્માએ કહ્યું કે મારા એક સંબંધીને ઘેર ત્રીજી દીકરીનો જન્મ થયો છે. જોકે કોઈ માતાપિતા પોતાના વ્હાલસોયા બાળકને આપી ન દે. છતાં તમે કહેતાં હો તો હું વાત કરું.'

અમે સંમતિ આપી અને વાત પાકી થઈ ગઈ. માત્ર પંદર દિવસની દીકરીને અમે લઈ આવ્યા. અમારા હૈયામાં હેતની હેલી આવી ગઈ. તે દીકરીને અમે પાણી માંગે તો દૂધ આપતાં, તેની બધી જરૂરિયાતો પુરી કરતાં હતા. તેને અમે કોઈ દિવસ એવું લાગવા દીધું નથી કે તે અમારી દીકરી નથી. છતાં પિતાનું હૃદય સદાય તેને ઝંખતું રહ્યું છે એની પ્રતીતિ આજે અમને થઈ. 'તો, તમારું શું કહેવું છે. આ વડીલ કોણ છે?' 'બેટા, શ્રેયા, આ તારા પિતા છે. વર્ષો પહેલાં ખોઈ ચૂકેલ વ્હાલનો ખજાનો તેમને મળી જતા જો તે કેવા નિરાંતે સૂતા છે.' 'ઓહ! છેલ્લા બે દિવસથી તેમની સારવાર કરતાં મારા હૃદયમાં પણ કંઈક જુદા જ ભાવો પ્રગટ થતા હતા. કદાચ એ લોહીના સંબંધનું ખેંચાણ હશે.' એટલું બોલી શ્રેતા તેમના મુખ તરફ જોઈ રહી.

આપણા વતી સ્નેહીજને આપેલા ભરોસાનું સન્માન કરીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

(વિચારબીજ : શ્રી ગોરધન પટેલ 'કવિ' માંડવી કચ્છ)

આપણાં રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીએ ''સૌરાષ્ટ્રની રસધાર'' માં એક સુંદર પ્રસંગની નોંધ કરી છે. એ પ્રસંગને ઘણાં લોકસાહિત્ય કલાકારો પણ કાર્યક્રમોમાં વિવિધ રીતે રજૂઆત કરતાં હોય છે.

વાત વાંકાનેર નગરનાં દરબારની છે. દરબારનાં કુંવરનો લગ્નપ્રસંગ હતો. ગઢમાં સૌ કોઈનાં હૈયામાં કુંવરના લગ્નનો હરખ હતો પણ એ સમયે કુંવરની માતા, રાણીબાનું મન ઉદાસ હતું અને તે સતત કોઈની વાટ જોયાં કરતાં હતા.

વાત એમ હતી કે ભાણેજનાં લગ્નનનું મામેરું લઈને રાણીબાનાં પિયર ભાલ પ્રદેશમાં આવેલા ગાંફથી કોઈ જ વાંકાનેર પહોચ્યું ન હતું જેને કારણે તેમને વાંકાનેર દરબારનાં મહેણાં સંભળાવતા હતા. રાણીબા શોકાતુર નયને પોતાનાં પિયરથી કોઈ આવે અને પોતાની લાજ રહી જાય તેની વાટ જોઈ રહ્યા હતા.

મામેરાનાં મુહૂર્તની એ સવારે રાણીબાનાં પિયર ગાંફનો એક જણ જે ચામડું વેચવા વાંકાનેર નગરમાં આવ્યો હતો એ રાણીબાને ઝરૂખે ઉભેલા ઉદાસ ચહેરે જુવે છે અને જયશ્રી કૃષ્ણ કરે છે. રાણીબા તેને ઓળખી જાય છે. રાણીબાની વાતચીત અને તેમના ચહેરા ઉપરથી ચામડું વેચવાવાળો જણ જાણી જાય છે કે ગાંફથી કોઈ મામેરું લઈને આવ્યું નથી અને તેથી રાણીબા ઉદાસ છે. એ જણ પોતાના વતન ગાંફનાં બાપુને સારી રીતે ઓળખતો હતો અને જાણતો હતો કે ભાણેજના લગ્નનું નક્કી બાપુથી ઓસાણમાં નહી રહ્યું હોય નહિતર ગાંફનાં દરબાર ભાણેજનું મામેરું ભૂલે નહિ. એ જણ રાણીબાને ધરપત આપીને વાંકાનેરનાં દરબારની દોઢીએ જઈને દરબારને ખબર મોકલાવે છે કે ગાંફથી ખેપીયો આવ્યો છે. એ જણ દરબારને મળે છે ને કહે છે કે ગાંફનાં દરબારે ભાણેજ માટે મામેરું મોકલ્યું છે જે લઈને હું આવ્યો છું. વાંકાનેરનાં દરબાર કટાક્ષ કરીને પૂછે છે કે દરબારી કોઈ કેમ ન આવ્યું અને ખાલી હાથે મામેરું કેમ થાય ? તો એ જણ કહે છે કે ગાંફમાં એક મરણ થઈ ગયું એટલે ન આવી શકયા ને પોતાને મોકલ્યો છે.

ખાલી હાથે મામેરું કેમ થશે એવા દરબારના સવાલ સામે એ ચામડું વેચવાવાળો જણ વિશ્વાસપૂર્વક ગાંફનાં તાબાનું ખસતા ગામ મામેરામાં લખાવે છે જે સાંભળીને વાંકાનેરનાં દરબાર આશ્ચર્ય પામી જાય છે. કોઈ લેખ કે લખાણ વિના મામેરામાં એક ચામડુ વેચનાર આમ આદમીએ આખેઆખું ગામ મામેરામાં લખાવ્યું એટલે ખાતરી કરવા દરબાર પોતાનાં દરબારીને ગાંફ મોકલે છે. વાંકાનેરનાં દરબારીઓ પહોંચે એ પહેલા પેલો જણ ગાંફ પહોંચી જઈને દરબારને વાવડ આપે છે કે ભલે ભાણેજનાં લગ્નનો વરો તમે ભૂલી ગયા પણ હું તમારી અને ગાંફની આબરૂ રાખવા તમારા વતી મામેરામાં ખસતા ગામ લખાવીને આવ્યો છું.

એ જણનો પોતાનાં ઉપરનો વિશ્વાસ અને પોતાની તથા ગાંફની આબરૂ રાખવા જે કોઠાસુઝ વાપરી એ જાણીને ગાંફનાં દરબાર ખુશ થાય છે ને કહે છે કે તેં તારા બોલ ઉપર ખસતા ગામ દીધું એ મારી સૌ પેઢીને મંજૂર છે. તે આવું ન કર્યું હોત તો મારે મરવું પડત. દરબારે એ જણને પાઘડી બંધાવી અને પોતાની ડેલીએ ભાણેજનાં લગ્નનનો ઉત્સવ ઉજવ્યો અને વાંકાનેરનાં દરબારીઓને પણ ખાતરી આપે છે કે ખસતા ગામ હવે વાંકાનેરનાં નામે.

ધંધૂકાની બાજુમાં આવેલા ગાંફ રિયાસત ચુડાસમા રાજપૂતનાં તાબામાં હતી જે બાવન ગામનાં ધણી કહેવાતા હતા. વાંકાનેર હાલાર પંથક કહેવાતો હતો. આમ હાલાર અને ભાલ પંથકનું અંતર ધણુ લાબું છતાં આજે પણ ગાંફની બાજુનું એ મામેરામાં આપેલું ગામ ખસતા (વાંકાનેર) તરીકે ઓળખાય છે જે શ્રી મેઘાણીભાઈએ નોંધેલા પ્રસંગની સાક્ષી પૂરે છે.

ક્યારેક આપણાં સ્નેહી-સંબંધી કે મિત્રો પણ આપણાં તરફથી બીજા કોઈને કેટલાક વચનો કે ખાતરીઓ આપી દેતાં હોય છે. આપણાં વતી આપણાં સંબંધીઓ જે વચનો આપતા હોય છે તેની પાછળ ઠોસ કારણો હોય છે. જે રીતે ગાંફનાં પેલા ચામડું વેચનાર ગામની દીકરીનાં સાસરામાં પોતાનાં દરબારની આબરૂ સાચવવા માટે દરબાર વતી મામેરું કરી આવ્યો એવા જ કે એ પ્રકારનાં અન્ય કારણોસર આપણાં સંબંધીઓ આપણાં વતી કેટલાક વચનો આપી દેતાં હોય છે. ક્યારેક એ લોકો આપણી આબરૂ સાચવવા માટે વચન આપતાં હોય છે, ક્યારેક આપણી છાપ સુધારવા માટે માટે વચન આપતાં હોય છે, ક્યારેક આપણને મુશ્કેલીઓમાંથી બચાવવા માટે માટે વચન આપતાં હોય છે. ક્યારેક આપણાં સંબંધોને તૂટતાં બચાવવા માટે તો ક્યારેક આપણાં સંબંધોને સાચવવા કે નિભાવવા માટે આપણાં વતી વચનો આપી દેતાં હોય છે. મોટાભાગે આપણાં વતી વચનો આપનારનો પોતાનો કોઈ જ પ્રકારનો અંગત સ્વાર્થ નથી હોતો. કદાચ તેનો થોડોઘણો અંગત સ્વાર્થ હોય તો પણ તેમણે આપેલા વચનો આપણાં હિતમાં તો હોય જ છે.

જેમ ચામડું વેચનારે પોતાના દરબાર વતી વચન આપી દીધું એમ જ આપણાં વ્યક્તિગત સંબંધોમાં પણ ઘણીવાર એવું બનતું હોય છે કે આપણાં સ્નેહી સંબંધી આપણાં વતી કોઈ અન્ય વ્યક્તિને કેટલીક ખાતરીઓ કે વચનો આપી દેતા હોય છે. જે રીતે પેલા ચામડું વેચનારે પોતાના દરબાર ઉપર પૂરો ભરોસો હતો કે તે પોતે આપેલું વચન ઉથાપશે નહીં એમ જ આપણાં સંબંધીઓ પણ પણાં ઉપર એક ઠોસ ભરોસો રાખીને આપણાં હિતમાં આવું કાર્ય કરતાં હોય છે. આપણી સાથેના સંબંધોમાં તેને એક વિશ્વાસ હોય છે કે તેમણે આપણાં વતી આપેલા વેણનું કે વચનનું અક્ષરશઃ પાલન કરશું.

(ક્રમશઃ)

ચાંદ બધાને ના મળે પણ રોશની માટે દીવો પર્યાપ્ત છે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણે મતલબથી મતલબ રાખતા નથી એટલે જીવનનાં દિવસો બહુ ભારે લાગવા માંડે છે કારણ કે સ્વાર્થી હોવાનું 'લેબલ' લાગી જાય તે કોઈને ગમતું નથી. જીવનમાં બધા જ લોકોનું યોગદાન સ્વયં કે સહેતુક પણ અવશ્ય હોય છે! સફળતા ના મળે તો બીજા ઉપર દોષારોપણ કરવું એ જ મોટી ખામી આપણા સમાજમાં અવશ્ય દેખાય છે. ભગવાન બાળપણમાં જ આકાશી ચાંદ માટે જીદ કરી બેઠા તો બધા મૂંઝવણમાં મુકાઈ ગયા કે હવે ચાંદ ધરતી ઉતર કેમ લાવવો ? બાળગઠ સામે ભલભલા ને ઝૂકવું પડે છે. એટલે ઘણા વિચાર કર્યા પરંતુ કંઈ માર્ગ સુઝ્યો નહીં છેવટે એક માર્ગ નિકળ્યો કે વાસણ જે થાળી જેવું હોય તેમાં ચોખ્ખું જળ ભરીને ખુલ્લામાં મૂકો અને તેમાં ચાંદનું પ્રતિબિંબ પડશે અને ચાંદને પકડી શકાશે !! આ વાત અહીં પ્રત્યેક ઘરમાં લાગુ પડતી જોવા મળે છે. ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે અને દંભ ટકાવવા પણ દેવું થઈ જાય તો ચિંતા કરતી નથી એટલે જ અપ્રિય ઘટનાઓ પણ અટકતી નથી જે અંગે વર્તમાનપત્રોમાંથી રોજ સૌને જાણવા મળે છે. ઉત્સવ પ્રિય હોવું એ ખરાબ બાબત નથી, પણ આર્થિક પાયમાલીની છબિ નીચે પછી જીવવાનું કપરૂં થઈ જાય છે. બધાની પસંદગી સર્વોત્તમ જીવન શૈલી જ છે પણ ત્યાં આર્થિક સક્ષમતાના તત્ત્વને વિચારવામાં કમી છે માટે સમય જતા નિરાશા અને પરિણામો તેવા જ પ્રકારના મળે છે. આજના ડિજિટલ વિશ્વમાં માનવી વાસ્તવિક વિશ્વથી દૂર ખસતો જાય છે એ કરૂણતા ઊભી થઈ છે બધુ જ ડિજિટલ એટલે અતિ ગતિ, કમ મતિ અને વિવેકશૂન્ય થયા તો દુર્ગતિ એ કમ ચાલી રહ્યો છે. સુખનો આભાસ અવિરત થયા કરે પણ નક્કર કંઈ મળે જ નહીં તેવી દુનિયામાં અપરાધ ના વધે તો નવાઈ લાગે ! કર્મનો મર્મ સમજાય નહીં અને અપેક્ષાઓને ત્યજી શકાય નહીં તો દરેક કાર્ય અંતે તણાવ અને દુઃખ ઉત્પન્ન કરતું હોય છે.

જરૂરી કાર્ય કરવા એ પ્રાથમિકતા છે અને ઈશ્વરના ભરોસે બેસી રહેવાથી કંઈ પ્રાપ્ત થાય પણ નહીં. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત પોતાની સક્ષમતા મુજબ કરા એ પ્રકારની વાત સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહેલી છે! ચાંદ મેળવવાના પ્રયાસો એ ઉમદા હકીકત છે પરંતુ અંતે યાદ એ રાખવું પડે કે દીવડાનો પ્રકાશ હંમેશા દીશા દર્શાવી શકે છે એ જ જીવન સફરનું તારણ છે. ઊંચા લક્ષ્ય સામે પ્રાપ્તિમાં ઘણા વિઘ્નો પણ આવી શકે માટે મળ્યું તેનો આદર અને મળ્યાનો સંતોષ ખુબ જરૂરી બની જાય છે. સ્પર્ધાનો કોઈ છેડો નથી, વસ્તી વૃદ્ધિ અટકતી નથી એટલે પ્રત્યેક વ્યક્તિને સદાય નિરાશા ઘેરી વળે છે. યોગગુરુ રામદેવજી બાબા એ હાલમાં જે વાત વ્યકત કરી એ ખૂબ જ વિચારવા જેવી અને મૂલ્યવાન છે. ભારતમાં બધી સમસ્યાઓનું મૂળ વધતી જતી આબાદી છે. જેના લીધે વિકાસ દેખાતો નથી. બે થી વધુ સંતાનો નહીં રાખવા માટેના કેટલાક સૂચનો પણ યોગગુરુએ કર્યા છે તે કહે છે કે હું ભાવિ ભારતીય બાળકને કંગાળ, ગરીબ, દુર્બળ,જોબલેસ જોવા ઈચ્છતો નથી. ભારતને સમૃદ્ધ ઊર્જાવાન શક્તિશાળી બનાવવા માટે વધતી વસ્તી ઉપર નિયંત્રણ મૂકવું જ પડશે જે સરકાર માટે અઘરું છે છતાં આ દિશામાં નક્કર કરવું પડશે ! અર્થશાસ્ત્રીઓ જે થઈ ગયા તેમાં માલ્થેશિયન થિયરીમાં એક દર્શાવ્યું છે કે જો સભ્ય માનવ સમાજ વસ્તીને અંકુશિત ના કરે તો કુદરત ભૂકંપ, પુર, સૂનામી વગેરે કારણોથી વસ્તી અવશ્ય ખતમ કરી સંતુલનનો પ્રયાસ કરે જ છે. સરકાર પુષ્કળ યોજનાઓ લાવી શકે અને નાણાં ફાળવી શકે પણ સફળતાનો આધાર અંતે તો લોકોના ચારિત્ર્ય, વિચારશુદ્ધિ, વગેરે ઉપર જ વધુ રહેતો હોય છે! બીજું વધતી વસ્તીના લીધે માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ દેખાતું નથી એ જબરી કડવી હકીકત છે. બધાને જોબ સરકાર આપી શકે એમ માનવું પણ બહુ ઊચિત નથી. ચૂંટણીઓ ચાલ્યા જ કરે છે પણ લોકહિતના કાર્યો પણ સદાચાર, શુદ્ધિ અને નિષ્ઠાથી ચાલતા રહેશે તો કોઈ પણ નેતાને ભાષણો કરવાની જરૂર પણ પડશે નહીં !!

નારદમુનિએ ભગવાન કૃષ્ણને પૂછ્યું - દુનિયામાં બધા દુઃખી શા માટે છે ? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને હસીને એટલું જ કહ્યું - સુખ તો બધા પાસે છે પરંતુ એકનું સુખ જોઈને બીજો દુઃખી છે !

જિંદગીભર તોફાનો સાથે એવો સંબંધ રહ્યો
દરિયો જાણીતો ને કિનારો જ અજાણ્યો રહ્યો.

બધાનાં પોતિકા સ્વપ્ના અને અરમાનો છે અને તેનો અમલ બધા પોતાની શૈલી અને શક્તિથી કરે છે એટલે સામાજિક જીવન ધબકતું, દોડતું, મહેકતું લાગે છે તેમ છતાં ઊડીને આંખે વળગે તેવી વાત એ છે કે ભારતમાં પુષ્કળ પ્રયાસોને અંતે પણ સફળતા દૂર રહી જાય છે તેનો સીધો અર્થ એ છે કે આપણે ભ્રષ્ટાચારના આલિંગનને છોડ્યું નથી ! નાણાને હજી ઈશ્વરથી મોટું માનવાનું અટક્યું નથી. સંતોષને સુખ હજી જીવનમાં સાકાર કર્યું નથી માટે વિપત્તિઓ બંધ થઈ નથી, જીવવાની મજા તો ત્યારે આવે જયારે તમને ખબર હોય કે લોકો તમારો ઉપયોગ કરી રહ્યા છે તેમ છતાં તમે નિઃસ્વાર્થ ખર્ચાઈ રહ્યા હો. બધુ રાજકીય રીતે ના જોવાય કે મૂલવાય, સ